# Surat Municipal Corporation

e-Magazine

Issue 49

April 28, 2006




## સુરતની મુલાકાતે આવેલ લંડન બરો ઓફ હેમરસ્મિથ અને ફુલહામ તેમજ વાસા એમ્નફી વેસ્ટ ડીસ્ટ્રીકટ એસેમ્બલી ઘાનાનું પ્રતિનિધિ મંડળ

સુરત મહાનગરપાલિકાની કરવેરા પધ્ધતિ અને નાણાંકીય સંચાલનના અભ્યાસ અર્થે તેમજ તેની સાથે સુરત મહાનગરપાલિકાના વિવિધ પ્રકલ્પો, તેનું સંચાલન અને વહીવટી પધ્ધતિના નિરીક્ષણ અર્થે સુરતની મુલાકાતે આવેલ લંડન બરો ઓફ હેમરસ્મિથ અને ફુલહામ તેમજ વાસા એમ્નફી વેસ્ટ ડીસ્ટ્રીકટ એસેમ્બલી ઘાનાનું એક પ્રતિનિધિ મંડળ તા.૨૬–૦૪–૨૦૦૬ થી તા.૨૯–૦૪–૨૦૦૬ના સમયગાળા દરમ્યાન શહેરની મુલાકાતે આવેલ છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## વેકેશન દરમ્યાન પ્રાણી સંગ્રહાલયમાં સાંજે ૬.૦૦ કલાક સુધી પ્રવેશ આપવામાં આવશે અને નેચર પાર્ક સોમવારે પણ જોવા માટે ખુલ્લુ રહેશે




હાલમાં સ્કૂલો કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓમાં સત્ર પુરૂ થતાં અને ઉનાળાનું વેકેશન શરૂ થતાં સુરત મહાનગરપાલિકાએ તેમના હસ્તકના પ્રાણી સંગ્રહાલયમાં સાંજે ૬.૦૦ કલાક સુધી પ્રવેશ આપવાનો નિર્ણય કરેલ છે. અને આવનાર મુલાકાતી વધુમાં વધુ ૭.૩૦ વાગ્યા સુધી નેચરપાર્કની અંદર હરી ફરી તેમજ જીવ જંતુઓ સાથે પ્રાકૃતિક સૌંદર્યને નિહાળી શકશે. આ પ્રાણી સંગ્રહાલય ઉનાળાના વેકેશન દરમ્યાન સોમવારના દિવસે પણ મુલાકાતીઓ માટે ખુલ્લુ રહેશે....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરતની મુલાકાતે આવેલ લંડન બરો ઓફ હેમરસ્મિથ અને ફુલહામ તેમજ વાસા એમ્નફી વેસ્ટ ડીસ્ટ્રીકટ એસેમ્બલી ઘાનાનું પ્રતિનિધિ મંડળ

સુરત મહાનગરપાલિકાની કરવેરા પધ્ધતિ અને નાણાંકીય સંચાલનના અભ્યાસ અર્થે તેમજ તેની સાથે સુરત મહાનગરપાલિકાના વિવિધ પ્રકલ્પો, તેનું સંચાલન અને વહીવટી પધ્ધતિના નિરીક્ષણ અર્થે સુરતની મુલાકાતે આવેલ લંડન બરો ઓફ હેમરસ્મિથ અને ફુલહામ તેમજ વાસા એમ્નફી વેસ્ટ ડીસ્ટ્રીકટ એસેમ્બલી ઘાનાનું એક પ્રતિનિધિ મંડળ તા.૨૬–૦૪–૨૦૦૬ થી તા.૨૯–૦૪–૨૦૦૬ના સમયગાળા દરમ્યાન શહેરની મુલાકાતે આવેલ છે. પ્રતિનિધિ મંડળના સભ્યોની યાદી નીચે મુજબ છે.

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| 1 | શ્રી સેમ્યુલ આલ્બર્ટો | વાસા એમ્નફી વેસ્ટ ડીસ્ટ્રીકટ એસેમ્બલી ઘાનાના ડીસ્ટ્રીકટ ચીફ એકઝીકયુટીવ |
| 2 | શ્રી કીઝીટો ડોરસી બાલાન્સ | ડીસ્ટ્રીકટ કો–ઓર્ડીનેટીંગ ડાયરેકટર – ઘાના |
| 3 | શ્રી એબેન્ઝર કોજો ઈસાવ | ડીસ્ટ્રીકટ ફાયનાન્સ ઓફીસર – ઘાના |
| 4 | શ્રી કોફી એમપો | એસેમ્બલીમેન/ચેરમેન, ફાયનાન્સ અને એડમીનીસ્ટ્રેટીવ સબ–કમીટી–ઘાના |
| 5 | શ્રી કાસાપ્રીકો કવામે બાસાયીન | પેરામાઉન્ટ ચીફ ઓફ વાસા એમ્નફી ટ્રેડીશનલ એરીયા–ઘાના |
| 6 | શ્રી નાના બોન્કી અકોમીયા નટ્રોય | ડીવીઝનલ ચીફ ઓફ એમ્યુની/ગાયાસીની ઓફ વાસા એમ્નફી ટ્રેડીશનલ એરીયા અને એસેમ્બલી મેમ્બર, વાસા એમ્નફી, વેસ્ટ ડીસ્ટ્રીકટ એસેમ્બલી–ઘાના |
| 7 | શ્રી પીટર સવાજે | ધી આસી. ચીફ એકઝીકયુટીવ (પોલીસી અને પાર્ટનરશીપ) યુ.કે. |
| 8 | શ્રી સ્ટીવ બેરેટ | હેડ ઓફ રેવન્યુ સર્વીસ–યુ.કે. |
| 9 | શ્રી માર્ક બીલીંગ્ટન | હેડ ઓફ રીજનરેશન– યુ. કે. |
| 10 | શ્રી અનુયા કુંવર | પ્રોજેકટ કો–ઓર્ડીનેટર– મુંબઈ |



મુલાકાતના પ્રારંભે પ્રતિનિધિ મંડળે સુરત મહાનગરપાલિકાના કમિશનરશ્રી પંકજ જોષીની આજ રોજ શુભેચ્છા મુલાકાત લીધી હતી. કમિશનરશ્રીએ પ્રતિનિધિ મંડળને ભાવપૂર્વક આવકાર્યા હતા. ત્યાર બાદ નવા સ્થાયી સમિતિ ખંડમાં પ્રતિનિધિ મંડળના અભ્યાસના ભાગરૂપે સુરત મહાનગરપાલિકાની કરવેરા પધ્ધતિ બાબતે મુદ્દાવાર પ્રેઝન્ટેશન ડે. કમિશનરશ્રી (જન.) કે. સી. મહેતા એ કરેલ હતી. જેને પ્રતિનિધિ મંડળના સદસ્યોએ રસપૂર્વક નોંધ લઈ સરાહના કરી હતી.

પ્રતિભાવરૂપે લંડન ધ્વારા તેમના બરોની ભૌગોલીક પરિસ્થિતી, કાયદાકીય અને વહીવટી દરજજો, નાણાંકીય સ્ત્રોત અને પ્રશાસન અંગેની વિગતો રજુ કરી હતી. ત્યાર બાદ વાસા એમ્નફી વેસ્ટ ડીસ્ટ્રીકટ એસેમ્બલી ઘાનાના ડીસ્ટ્રીકટ ચીફ એકઝીકયુટીવ ઘાના તરફથી પણ ભૌગોલીક પરિસ્થિતી,

લોકશાહી પ્રશાસન પધ્ધતિ, પ્રશાસન સંચાલન વ્યવસ્થા, તેમની મુખ્ય આવકના સ્ત્રોત જેમાંથી છે તેવી કોકો તેમજ તેમાંથી ઉત્પન્ન થતી ચોકલેટના નિર્દશન સહિતનું પ્રેઝન્ટેશન રજુ કર્યુ હતું.



ચાર દિવસની શહેરની મુલાકાત દરમ્યાન આ પ્રતિનિધિ મંડળ તા.૨૭–૦૪–૨૦૦૬નાં રોજ બારડોલી અને વ્યારા નગરપાલિકાની મુલાકાત લેશે. ત્યાર બાદ સુરત મહાનગરપાલિકાના ઉધના ઝોન ખાતે નાગરીક સુવિધા કેન્દ્ર, ઈન્ડોર સ્ટેડીયમ, નર્મદ પુસ્તકાલય, રાંદેર વોટર વકર્સ, આંજણા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, બાયોગેસ આધારિત વીજળી ઉત્પાદન પ્રોજેકટ મેડીકલ કોલેજ, યુ. સી. ડી. સેન્ટર વગેરે સ્થળોની મુલાકાત લેનાર છે. ઉપરાંત સુરત શહેરમાં પાંડેસરા ખાતે આવેલ ટેક્ષટાઈલ ડાઈંગ પ્રોસેસીંગ યુનીટ તેમજ જરી–કસબ ભરતકામ ઉદ્યોગની મુલાકાત લેનાર છે.

TOP

## વેકેશન દરમ્યાન પ્રાણી સંગ્રહાલયમાં સાંજે ૬.૦૦ કલાક સુધી પ્રવેશ આપવામાં આવશે અને નેચર પાર્ક સોમવારે પણ જોવા માટે ખુલ્લુ રહેશે

હાલમાં સ્કૂલો કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓમાં સત્ર પુરૂ થતાં અને ઉનાળાનું વેકેશન શરૂ થતાં સુરત મહાનગરપાલિકાએ તેમના હસ્તકના પ્રાણી સંગ્રહાલયમાં સાંજે ૬.૦૦ કલાક સુધી પ્રવેશ આપવાનો નિર્ણય કરેલ છે. અને આવનાર મુલાકાતી વધુમાં વધુ ૭.૩૦ વાગ્યા સુધી નેચરપાર્કની અંદર હરી ફરી તેમજ જીવ જંતુઓ સાથે પ્રાકૃતિક સૌંદર્યને નિહાળી શકશે. આ પ્રાણી સંગ્રહાલય ઉનાળાના વેકેશન દરમ્યાન સોમવારના દિવસે પણ મુલાકાતીઓ માટે ખુલ્લુ રહેશે. જેનો લાભ સુરત જિલ્લા સહિત દક્ષિણ ગુજરાતમાં વસતિ જાહેર જનતાને લેવા વિનંતી છે. જે પ્રાણી સંગ્રહાલયના વડા ડો. મહેતાએ એક યાદીમાં જણાવ્યું છે.




TOP